જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૨/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૩૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૬૮૮	૬૩	૮૩૭૫૧	૮૪૬૭૯	૬૦	૮૪૭૩૯
કુલ		૧૦૦૨૯૬	૬૩	૧૦૦૩૫૯	૧૦૯૨૧૬	૬૦	૧૦૯૨૭૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૮	૫,૦૦,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫૪	૨,૫૪,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ,૧૫ ઇંગ્લીશ બોટલ,૪૬ ક્વાટર્સ ઇંગ્લીશ દારૂ,૧૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૩૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૩૬/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ સુરેશભાઇ નંદલાલ ભાટીયા (ઉ.વ.૬૮) (રહે. આકાશ પરીશર ફ્લેટ કારગીલ પેટ્રોલપંપ સામે ચાણક્યપુરી રોડ ઘાટલોડીયા) એ તા.૧૮/૦૨/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર ૭૩૮૧૨૧૧૮૯૦ ના ધારકે સુરેશભાઈ ભાટીયાના મોબાઈલમાં સુરેશભાઈના મોબાઈલનુ સીમ બ્લોક કરવામાં આવશે તેવો ટેક્સ મેસેજ કરતા સુરેશભાઈ ભાટીયાએ મેસેજ જોઈ તરત જ મેસેજમા આવેલ મોબાઇલ નંબર ૮૩૨૮૯૨૦૬૯૭ ઉપર ફોન કરતા તેઓએ સીમકાર્ડ ચાલુ રાખવુ હોય તો જે લીંક મોકલુ તેમા દશ રૂપિયા ભરવા પડશે તેમ કહી સુરેશભાઈને વિશ્વાસમા લઇ ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી એપ્લીકેશનમા ખાતા નંબર અને પાસવર્ડ નાખી દશ રૂપિયા ટ્રાન્સફર કરાવી સુરેશભાઈ ભાટીયાના ખાતામાંથી કુલ રૂપિયા ૧૭,૧૧,૯૯૭/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૩૭/૨૦૨૨**

બાપુનગરઃ કેતનભાઇ દિનેશભાઇ બારોટ (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ શ્રીજી વિદ્યાલય સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૨ રાતના ૧૨/૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૨ કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન બે પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની વીંટી, મોબાઇલ ફોન નંગ-૩ અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

દાણીલીમડાઃ ભીખાભાઇ સોમાભાઇ સોલંકી (રહે. પુરૂષોતમનગર કનુભાઇની ચાલી સામે દાણીલીમડા ગામ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૨ રાતના ૦૦/૩૦ થી કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૩૮/૨૦૨૨**

સોલા હાઇકોર્ટઃ રીંકુબહેન વા/ઓ સનીભાઇ શાહ (ઉ.વ.૪૮) (રહે. શાયોના પુષ્પદીન ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.સી.ગોહિલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ તુષારભાઈ રણછોડભાઈ ભાયાણી (ઉ.વ.૩૪) (રહે. ઇન્દ્રધારા સોસાયટી સાનિધ્ય પાર્ક સોસાયટીની અંદર નિકોલ નરોડા રોડ અતિથી હોટલ પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિંહ દાનસિંહ ચલાવે છે.

નિકોલઃ કિંજલબહેન ડો/ઓ જીવરાજભાઇ બદ્રેશિયા (ઉ.વ.૨૨) (રહે. જીવનધારા સોસાયટી ઉત્તમનગર કેનાલ પાસે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૨/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળી ખાઈ લેતા સારવાર માટે તેમને અપોલો હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૪/૩૪ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોતર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.